**पु॰ना International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| ASSIGNMENT PERIODIC ASSEMENT -III | 2020-21 |
|---|---|
| Grade – 7 | Subject- GUJARATI |
| Syllabus – CH-8,9,10 | FROM TEXTBOOK |

## [ READING SECTION]

આપણને જીવવા માટે હવા, પાણી અને ખોરાકની જરૂર પડે છે. હવા પછી પાણી આપણી મુખ્ય જરૂરિયાત છે. પાણી વિના જીવન શક્ય નથી. પાણી પીવામાં વપરાય છે. તે ઉપરાંત મિલો અને કારખાનાઓમાં પાણીની જરૂર પડે છે. પાણી વનસ્પતિ માટે પણ અત્યંત જરૂરી છે. પાણી વિના અનાજ ન પાકે પશુપંખી પણ પાણી વિના ન જીવી શકે. આમ જળ એ જ જીવન છે. પાણી માટે આપણે વરસાદ પર આધાર રાખવો પડે છે. જે વર્ષે વરસાદ ન પડે કે બહું ઓછો પડે તે વર્ષે દુકાળ પડે છે. વૃક્ષો વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. આમ છતા જમીનમાં પાણીનું સ્તર ખુબ જ ઊંડુ જતું જાય છે.

અ) આપણને જીવવા માટે મુખ્ય કઇ ત્રણ વસ્તું ની જરૂર પડે?

બ) શેના વિનાં જીવન શક્ય નથી?

ક) અનાજ પકવવાં શેની જરૂર પડે છે?

ડ) પાણી માટે આપણે શેના પર આધાર રાખવો પડે છે?

ઈ) વરસાદ લાવવામાં કોણ મદદરૂપ થાય છે?

2. અમદાવાદ એક ઐતિહાસિક શહેર છે. અહમદશાહ બાદશાહે અમદાવાદ શહેર સાબરમતી નદીને કિનારે વસાવ્યું હતું પણ હાલ સાબરમતી નદી શહેરની વચ્ચેથી વહે છે. અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું શહેર છે. અમદાવાદનાં રસ્તાઓ પહોળા અને પાકા છે. અમદાવાદમાં અનેક પોળો અને શેરીઓ આવેલી છે. આબરમતી આશ્રમ સાબરમતી નદીના કિનારે આવેલો છે. અમદાવાદમાં બે સ્ટેડિયમ પણ છે. અમદાવાદમાં સૌથી મોટી સમસ્યા વાહનવ્યવહારની છે. તે માટે ઘણી જગ્યાએ ફ્લાયઓવર તથા અંડરપાસ પણ તૈયાર કરવામાં આવ્યા છે .

પ્રશ્નો 1 ) અહિંયા ક્યાં શહેરની વાત કરવામાં આવી છે ?

2) અમદાવાદ શહેર ક્યાં બાદશાહે વસાવ્યું ?

3) અમદાવાદનાં રસ્તાઓ કેવા છે ?

4) સાબરમતી આશ્રમ કઇ નદીનાં કિનારે આવેલો છે?

5) વાહનવ્યવહારની સમસ્યા હળવી કરવાં માટે શું તૈયાર કરવામાં આવ્યુ છે?

## [WRITING SECTION ]

**પ્રશ્ન 2 1)** તમારો મિત્ર ભણવામાં હોશીયાર છે, પરંતુ તે પોતાની તંદુરસ્તીની કાળજી રાખતો નથી તેને તંદુરસ્તી સુધારવાના ઉપાય બતાવતો પત્ર લખો

મયુર ડી. રાવલ
વંદેમાતરમ,
ગોતા,
અમદાવાદ-૩૮૦૦૧૩
તા .../.../...........

પ્રિય મિત્ર અમિત

તારો પત્ર મળ્યો. તું વર્ગમાં પ્રથમ આવ્યો તે માટે તને અભિનંદન.

મને તારા પિતાજી મળ્યા હતાં. તે તારી તબિયતની ચિંતા કરતા હતા. તારે તારી તંદુરસ્તીની કાળજી રાખવી જોઇએ. દરરોજ સવારે વહેલા ઊઠીને કસરત કરવી જોઇએ. તારા વર્ગ માટે રમતનો પણ તાસ આવતો હશે. એમાં તારે હોંશથી ભાગ લેવો જોઇએ. વળી તારે સાંજે ફરવા પણ જવું જોઇએ. તારે તારા ખોરાકની પણ પૂરેપૂરી કાળજી રાખવી જોઇએ. રોજ સવારે દૂધ પીવું જોઇએ. દરરોજ થોડાં ફળો અને શાકભાજી પણ ખાવા જોઇએ.

હું આશા રાખું કે એક મિત્ર તરીકે મારી સલાહ ગમશે.

તારો મિત્ર
મયુર

2) શાળામાં તમે તૈયાર કરેલા બાગ વિશે તમારા પિતાને પત્ર લખો.

મયુર ડી. રાવલ
વંદેમાતરમ,
ગોતા,
અમદાવાદ-૩૮૦૦૧૩
તા .../.../..........

પૂજ્ય પિતાજી

તમારો પત્ર મળ્યો મને બહું આનંદ થયો તમે મજામાં હશો. બીજું એ જણાવવાનું કે મને નવી શાળા ખૂબ ગમે છે. અને અમે તૈયાર કરેલા બાગ વિશે લખું છું.

અમારી શાળાના મકાનના આગળના ભાગમાં અમે બાગ બનાવ્યો છે. બાગનું પ્રવેશદ્વાર ધનુષ આકારનું બનાવ્યું છે. બાગમાં નાનામોટા અનેક ક્યારા બનાવ્યાં છે. દરેક ક્યારામાં જુદી જુદી જાતનાં ફૂલછોડ રોપ્યા છે. થોડા થોડા અંતરે આસોપાલવના અને કેટલાક સ્થળે લીમડાના રોપા રોપ્યા છે. થોડા થોડા અંતરે બેસવા માટે બાંકડા પણ મૂક્યા છે.

અમે બાગનું જીવની જેમ જતન કરીએ છીએ. સમયસર પાણી પણ પાઇએ છીએ. માળી અને ઉદ્યોગ શિક્ષક અમને માર્ગદર્શન આપે છે.

મમ્મી મારા પ્રણામ કહેજો.

તમારો પ્રિય પુત્ર
મયુર

## [GRAMMAR SECTION]

**પ્રશ્ન 3** નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | પૂર્વ | = | ઉગમણું | **2)** | ગગન | = | આકાશ |
| **3)** | ઠેકડો | = | કૂદકો | **4)** | પહાડ | = | ડુંગર |
| **5)** | વાયુ | = | પવન | **6)** | પરિશ્રમ | = | મહેનત |
| **7)** | કાંઠો | = | કિનારો | **8)** | રૂડપ | = | સુંદરતા |
| **8)** | વેગળું | = | દૂર | **9)** | ગફલત | = | બેદરકારી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10) | રાત્રી | = | રાત | 11) | નિર્ણય | = | ફેંસલો |
| 12) | માર્ગ | = | રસ્તો | | | | |

**પ્રશ્ન 3 નીચેના શબ્દોના વિરોધી શબ્દો લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉગમણું | x | આથમણું | 2) | પ્રકાશ | x | અંધકાર |
| 3) | નાનું | x | મોટું | 4) | આકાશ | x | પાતાળ |
| 5) | ઉત્સાહ | x | નિરુત્સાહ | 6) | દૂર | x | નજીક |
| 7) | સુંવાળુ | x | બરછટ | 8) | બાંધવું | x | છોડવું |
| 9) | પ્રામાણિકતા | x | અપ્રામાણિકતા | 10) | શુદ્ધ | x | અશુદ્ધ |
| 11) | ગેરસમજણ | x | સમજણ | 12) | ખર્ચ | x | બચત |

## [LITERATURE SECTION ]

**પ્રશ્ન : 4 નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1) ઉગમણે આભમાં શું દેખાય છે ?

જ) ઉગમણે આભમાં જુદા જુદા રંગો રેલાતા દેખાય છે.

2) ચરણોમાં ચાલવાનો ઉમંગ શા માટે ઊછળે છે ?

જ) કુદરતની સુંદરતા અને વાતાવરણની તાજગીને લીધે ચરણોમાં ચાલવાનો ઉમંગ ઉછળે છે.

3) મન ક્યાં આળોટે છે ?

જ) દૂર અને પાસે પથરાયેલા લીલા ઘાસ પરના ઝાકળમાં મન આળોટે છે.

4) આ કાવ્યમાં કવિ ક્યા સમયનું વર્ણન કરે છે ?

જ) આ કાવ્યમાં કવિ સવારનું વર્ણન કરે છે .

5) વાયુ શાથી ચકચૂર છે ?

જ) ધરતીની સોડમ પીને વાયુ ચકચૂર છે.

6) ઝાકળમાં કોના સૂર રેલાઇ રહ્યા છે ?

જ) ઝાકળમાં કિરણોના ઝીણા સૂર રેલાઇ રહ્યા છે.

7) વાલો કેસરિયો કોણ હતો ?

જ) વાલો કેસરિયો ગરણી ગામનો ચારણ હતો.

8) વાલો કેસરિયો શેનો વેપારી હતો ?

જ) વાલો કેસરિયો ઘોડા લેવા-વેચવાનો ધંધો કરનાર વેપારી હતો.

9) વાલા કેસરિયાની કદર કોણે કરી ?

જ) વાલા કેસરિયાની કદર અમરેલીના સૂબા રાઘોબાએ કરી.

10) પુસ્તક સાથી પલળી ગયું ?

જ) રાત્રે પડેલા વરસાદની વાછટથી પુસ્તક પલળી ગયુ.

11) શિક્ષક લિંકનને ક્યું કામ સોપે છે ?

જ) શિક્ષક લિંકનને બાગમાં છોડવાઓને પાણી પીવડાવવાનું કામ સોપે છે .